# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૫



આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહદૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહેં.
મંગલકારી 'તેજ' દુલારી પાવન મંગલ મંગલ હૈ.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ શત્રુઓ, માતા-પિતા, સ્ત્રીઓ, ભાઈઓ, પુત્રો અને સ્વજનો (એ બધાં) મારા શરીરનો અપકાર–ઉપકાર કરે છે, મારા ચેતનાત્માનો નહિ. મારા ચેતન આત્માથી એ અચેતન શરીર વાસ્તવમાં ભિન્ન છે, તેથી તે શત્રુઓ પર દ્વેષ અને સ્વજનાદિમાં રાગ કરવો મારા માટે કેવી રીતે ઉચિત હોઈ શકે? કેમ કે તે મારા આત્માનો કોઈ ઉપકાર તથા અપકાર કરતાં નથી. ૧૫૦૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા ૧૨-૧૩)*

✻ આ મનુષ્યજન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શું ચિંતા છે તથા મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિંતા રહે છે કે ન તો મરણનો ડર રહે છે. ૧૫૦૧. *(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવના, શ્લોક-૧૧)*

✻ વ્યવહારનયકર વિકલ્પ સહિત અવસ્થામેં તત્ત્વકે વિચારકે સમય આપ ઔર પરકા જાનપના જ્ઞાન કહા હૈં, ઔર નિશ્ચયનયકર વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમય પદાર્થોંકા જાનપના મુખ્ય નહીં લિયા. કેવલ સ્વસંવેદનજ્ઞાન હી નિશ્ચય સમ્યગ્જ્ઞાન હૈ, વ્યવહારસમ્યગ્જ્ઞાન તો પરંપરાય મોક્ષકા કારણ હૈ, ઔર નિશ્ચય સમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. ૧૫૦૨.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૨૯)*

✻ હે વત્સ! થોડા કાળમાં જેનો ક્ષય થઈ જાય છે એવા ઘણાં અક્ષરોને તારે શું કરવા છે? મુનિ તો જ્યારે અનક્ષર (શબ્દાતીત-ઈન્દ્રિયાતીત) થાય છે ત્યારે મોક્ષને પામે છે. ૧૫૦૩. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૨૪)*

✻ ઈન્દ્રિયોના વિષયોમાં તૃષ્ણા રાખવાવાળાને ભીષણ અંતર્દાહ થતો જોવામાં આવે છે કારણ કે તે અંતર્દાહ વિના એ જીવોને વિષયોમાં રતિ કેવી રીતે થઈ શકે? ૧૫૦૪. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૫૫)*

✻ જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે. તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે (અતિશય પ્રીતિવંત છે,) ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.) ૧૫૦૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક-૧૧૫)

વર્ષ–૧૦
અંક–૧

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૧
September
A.D. 2015



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની
## ૧૦૨મી જન્મજયંતી પ્રસંગે
## ‘બહેનશ્રીનાં વચનામૃતમાંથી વીણેલા રત્નો

✍ સમ્યદ્રષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.

✍ આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી.

✍ ‘દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે’ એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.

✍ બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્ય–સ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.

✍ આ તો પંખીના મેળા જેવું છે. ભેગા થયેલા બધાં છૂટા પડી જશે. આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે, વિંખાઈ જશે.

✍ ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દષ્ટિની ભાવના હોય છે.

✍ ‘હું શુદ્ધ છું’ એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩. –શ્રી પ્રવચનસાર**

✍ આત્મા એ તો ત્રિકાલ જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી.

✍ જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.

✍ આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેમાં અંદર ઉપયોગ મૂક.

✍ પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે.

✍ ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા. તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે.

✍ આત્મા ગમે તેવા સંયોગમાં પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.

✍ નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.

✍ ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

✍ ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.

✍ આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ.

✍ તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે, જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.

✍ શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુના અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવા છે.

✍ કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય?

✍ આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નિરોગ ને નિરુપસર્ગ છે.

✍ ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાંતનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને**
**વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪. –શ્રી પ્રવચનસાર**

✍ શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ, શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.

✍ અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે કે અંદર ગયા તે ગયા બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.

✍ એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષોના ભૂક્કો બોલાઈ જાય.

✍ ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'—એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.

✍ હંમેશા આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.

✍ સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.

✍ સાચું સમજતાં ભલે વાર લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે.

✍ એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ.

✍ જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય.

✍ જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે, તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.

✍ કરવાનું તો એક જ છે—પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.

✍ મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે, તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે.

✍ ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.

✍ ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.

**છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;**
**મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫. —શ્રી પ્રવચનસાર**

✍ હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારના પરાવર્તનોથી છૂટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.

✍ વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે.

✍ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.

✍ ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી.

✍ હું આ જ્ઞાયક છું, અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે.

✍ તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.

✍ જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.

✍ સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.

✍ અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.

✍ જ્ઞાનાનંદસાગરના તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?

✍ દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા ત્યાંથી તને શાંતિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે.

✍ તુ એક અને કર્મ અનંત, પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાને પહોંચી વળવા બસ છો.

✍ જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા.

✍ શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવા આગમમાં પ્રવર્તન રાખજે.

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,**
**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં! ૪૬. –શ્રી પ્રવચનસાર**

✍ સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.

✍ જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી-પુરુષાર્થથી અંદર વિચરજે.

✍ લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દ્રઢ પુરુષાર્થ કરવો. 'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.

✍ મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે તેવી રીતે જોડાય.

✍ વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે.

✍ દ્રવ્યદ્રષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દ્રષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી.

✍ કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.

✍ ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થમાં જવા ન દેવું.

✍ જ્ઞાયકપરિણતિનો દ્રઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.

✍ અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા—એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં પરમાત્મા થઈ જાય છે.

✍ અહો! અમોઘ—રામબાણ જેવા ગુરુવચનો! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી.

✍ લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.

✍ મલિનતા ટળતી નથી અને મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.

**સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ્ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭. —શ્રી પ્રવચનસાર**

✍ સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઈત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.

✍ ઓહો! આ તો ભગવાન આત્મા! સર્વાંગે સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.

✍ આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંતકાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્યદર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.

✍ વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે.



## ઉત્તમ ક્ષમા ગ્રહો રે ભાઈ!

પહેલાં અજ્ઞાનભૂમિકામાં શ્રેણિકરાજાએ મુનિરાજની વિરાધના કરી હતી....અનંતાનુબંધી ક્રોધ કર્યો હતો... મુનિરાજ તો તે વખતે પણ ક્રોધરહિત ક્ષમાધર્મના આરાધક હતા....

પછી જ્યારે શ્રેણિકને ભૂલનું ભાન થયું ત્યારે પશ્ચાતાપથી ક્ષમા માંગી; અનંતાનુબંધી ક્રોધ છોડીને તેટલા ક્ષમાધર્મની ઉપાસના કરી; વિરાધકભાવ છોડીને આરાધકભાવ પ્રગટ કર્યો. અનંતાનુબંધી સિવાયનો ત્રિવિધક્રોધ હજી બાકી રહ્યો,—પણ તે ક્રોધથી ભિન્ન એવા જ્ઞાનની આત્મઅનુભૂતિ થઈ—જે અત્યારે નરકમાં પણ તેમને વર્તે છે.

અલ્પકાળમાં તેઓ જ્યારે મનુષ્ય થશે ત્યારે તે અનુભૂતિના બળે બાકીના ત્રિવિધક્રોધને પણ નષ્ટ કરી, સંપૂર્ણ ક્ષમાધર્મની આરાધનારૂપ વીતરાગ થઈ તીર્થંકર પરમાત્મા થશે...ને ઉત્તમ ક્ષમાધર્મને દિવ્યધ્વનિ વડે જગપ્રસિદ્ધ કરશે.

જય હો એ ઉત્તમ ક્ષમાધર્મનો. આવી ઉત્તમક્ષમા ગ્રહો રે ભાઈ!

# વીતરાગભાવની આરાધના તેનું નામ પર્યુષણ




આજે દસલક્ષણ ધર્મનો પહેલો દિવસ છે, ઉત્તમ ક્ષમાધર્મની આરાધનાનો દિવસ છે. મુખ્યપણે તો મુનિના આ દશ ધર્મો છે, વીતરાગભાવ તે ધર્મ છે. ઉત્તમક્ષમા તે પણ આત્માના વીતરાગભાવનો પ્રકાર છે. શ્રાવકને પણ પોતાની ભૂમિકા અનુસાર ધર્મ હોય છે. આવા વીતરાગધર્મની આરાધનાને પર્યુષણ કહેવાય છે. પર્યુષણના ખરા દિવસો આજથી (એટલે કે ભાદરવા સુદ પાંચમથી) શરૂ થાય છે. દશ પ્રકારના ધર્મની આરાધનાનું ફળ સુખ છે, વીતરાગભાવના ફળમાં અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે.

પંચમકાળ પૂરો થતાં ભરતક્ષેત્રમાં અનાજ વગેરે નષ્ટ થઈ જાય છે, ને લોકો માંસાહારી થઈ જાય છે. પછી અષાઢ વદ એકમે શરૂ કરીને ૪૯ દિવસ સુધી વર્ષા વગેરે થતાં અનાજ ને ફળફૂલ પાકે છે. ઘણાકાળ સુધી અનાર્યવૃત્તિવાળા માંસભક્ષી થઈ ગયેલા લોકોને તે ફળફૂલ—અનાજ દેખીને એવી આર્યવૃત્તિ જાગી કે હવેથી કોઈએ માંસાહાર ન કરવો, આ અનાજ અને ફળ ઉપર નિર્વાહ ચલાવવો. આવી આર્યવૃત્તિ જાગી, એટલે હિંસા છોડીને ક્ષમાના ભાવો જાગ્યા, તે દિવસ બરાબર ભાદરવા સુદ પાંચમ હતો. આ રીતે ભાદરવા સુદ પાંચમથી ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મની આરાધનાનું પર્વ શરૂ થાય છે. જો કે ભાદરવાની જેમ મહા તથા ચૈત્ર માસમાં પણ દસલક્ષણી પર્વ આવે છે, પણ ભાદરવાના પર્યુષણની વિશેષ પ્રસિદ્ધિ છે.

અહા, મુનિઓ અંદરમાં ચૈતન્યના ભાનસહિત તેમાં લીનતાવડે ચારિત્રધર્મને આરાધે છે, તે ચારિત્રનો જ એક પ્રકાર ઉત્તમક્ષમા છે. કોઈ પ્રતિકૂળતા આવે, નિંદા કરે, મારે, પ્રાણ હરી લ્યે—તોપણ મારા રત્નત્રયધર્મને તે હણી શકતો નથી, એમ પોતાના નિજધર્મની આરાધનામાં તત્પર મુનિઓને પ્રતિકૂળ પ્રસંગે પણ ક્રોધ થતો નથી, તેમને ઉત્તમક્ષમાધર્મ હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે—

**જાણે નહીં યુગપદ્ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.　　　—શ્રી પ્રવચનસાર**

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.

મારામાં દોષ હોય ને કોઈ કહેતો હોય, તો તે સત્ય છે, ને મારે મારા દોષ ટાળવા જોઈએ, માટે દોષ કહેનાર ઉપર મારે ક્રોધ શા માટે કરવો ? અને જો મારામાં દોષ ન હોય ને તે કહેતો હોય તો, એ તો એનું અજ્ઞાન થયું તેમાં હું તે અજ્ઞાની ઉપર ક્રોધ કેમ કરું? તેના કહેવાથી તો કાંઈ મને દોષ લાગી જવાના નથી. ક્ષમારૂપ વીતરાગભાવ તે મારો સ્વભાવ છે, આવા પોતાના ક્ષમાધર્મને પ્રાણ જાય તોય મુનિઓ છોડતા નથી. ક્રોધાદિમાં તો દુઃખ છે, ક્ષમાધર્મમાં વીતરાગી શાંતિ છે. બહારના પરિષહ મારી વીતરાગશાંતિમાં અડતાય નથી. અરે, મુનિઓને દુષ્ટ જીવોએ ઘાણીમાં પીલી નાંખવા છતાં અંદર ક્રોધનો વિકલ્પ પણ થવા ન દીધો, ને સ્વરૂપમાં લીન થઈ, વીતરાગભાવે કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ૩૨ મુનિઓ નદી કિનારે ધ્યાનમાં બેઠેલા ત્યાં નદીનું મોટું પૂર આવ્યું તેમાં તણાઈ ગયા, છતાં શાંતભાવે સહન કરીને સમાધિમરણ કર્યું. ઉપસર્ગો તો જીવને અનંતકાળના પ્રવાહમાં અનંતવાર આવે છે, પણ તેને વીતરાગભાવે સહન કરવાનો સ્વકાળ કોઈક જ વાર આવે છે. ને જેણે વીતરાગી ક્ષમાધર્મ પ્રગટ કરીને પરિષહ સહ્યાં—તે અલ્પકાળે મોક્ષ પામે છે.

કાર્તિકસ્વામી કહે છે કે—જે રત્નત્રયયુક્ત છે, સદા ઉત્તમ ક્ષમાદિભાવોરૂપે પરિણત છે, અને સર્વત્ર મધ્યસ્થ રાગ-દ્વેષ રહિત છે, એવા સાધુ તે ધર્મ છે. જેમાં ધર્મ છે તે જ ધર્મની મૂર્તિ છે. વીતરાગભાવરૂપ જે ઉત્તમક્ષમાદિ ધર્મો છે તે સુખરૂપ છે, તે સારરૂપ છે, એવા ધર્મોને હે જીવ! તું પરમભક્તિથી જાણ; પરમ ભક્તિથી તેની આરાધના કર.

જે મુનિરાજ વીતરાગભાવરૂપ ક્ષમાધર્મમાં સ્થિર છે, અને દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર-ભયાનક ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્ત થતા નથી એવા શાંતમુનિને નિર્મળક્ષમાધર્મ હોય છે. નિર્મળ ક્ષમા એટલે સમ્યગ્દર્શનપૂર્વકની ક્ષમા, રાગદ્વેષ વગરની ક્ષમા; ગજસુકુમારમુનિ વગેરે અનેક મુનિવરો ઉપસર્ગ જીતીને ક્ષમાની આરાધના કરીને, સ્વર્ગ-મોક્ષમાં ગયા.

**જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને**
**યુગપદ્ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને? ૪૯.** **–શ્રી પ્રવચનસાર**

સવિકલ્પદશામાં હોય ને ઉપસર્ગ પ્રત્યે લક્ષ જાય તો મુનિ એમ વિચારે છે કે—જો કોઈ મારા દોષ કહે છે તે જો મારામાં વિદ્યમાન છે—તો તે શું ખોટું કહે છે ? અને જો મારામાં તે દોષ નથી તો એ જાણ્યા વગર કહે છે, —એ તો એનું અજ્ઞાન છે-માટે મારે ક્રોધ શા માટે કરવો ? કોઈ કુવચન કહે તો એમ વિચારે કે મારતો તો નથી ! મારે તો એમ વિચારે કે પ્રાણ તો હરતો નથી ? પ્રાણ હરવાની ચેષ્ટા કરે તો એમ વિચારે કે મારા આત્માના ધર્મનો ઘાત નથી કરતો ! બસ, પ્રાણઘાત થાય તો પણ મારા રત્નત્રયાદિ ધર્મને હું અખંડ જાળવી રાખું, ને ક્રોધવડે તેનો નાશ ન થવા દઊં—એમ ચિંતવતા થકા મુનિરાજ ક્ષમાધર્મમાં સ્થિર રહે છે.

જુઓ, દરેક જીવે આવા ક્ષમાધર્મની ઉપાસના કરવા જેવી છે. ક્રોધ તો અગ્નિની જેમ બાળનાર છે, ને ક્ષમા જીવને શીતળ-શાંતિદાતાર છે. ક્રોધમાં દુઃખ છે ને ક્ષમામાં સુખ છે. ક્રોધ કરવાનો જીવનો સ્વભાવ નથી, ક્ષમાભાવ તે જીવનો સ્વભાવ છે. શીતળતાના અતીન્દ્રિયરસથી ભરેલો આત્મા, તેને ઓળખીને તેમાં ઠરતાં ઉત્તમ ક્ષમાધર્મની આરાધના થાય છે.

અહો, આવી આરાધનાના દિવસોમાં તો અંદર પૂરા દ્રવ્યને ઓળખીને તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરવા જેવા છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અખંડ સ્વદ્રવ્યની આરાધના તે જ સાચી પર્યુષણા છે. શુદ્ધ ચૈતન્યવસ્તુ જીવ પોતાના સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી અખંડ એક વસ્તુ છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ કે ભાવ તેમાંથી એક જુદું પડીને જીવનો અનુભવ નથી થતો, પણ એકની સાથે બાકીનાં ત્રણ પણ તેમાં અભેદપણે આવી જાય છે. આ રીતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભેદ જીવવસ્તુને ધર્મી અનુભવે છે. આવી અભેદ વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરવા તેનું નામ ધર્મની આરાધના છે, તે જ સાચા પર્યુષણ છે. (પરિ—ઉપાસના, સર્વ પ્રકારે ઉપાસના—આરાધના તે પર્યુષણા છે.)

એક સ્વદ્રવ્ય, એક સ્વક્ષેત્ર, એક સ્વકાળ ને એક સ્વ-ભાવ એમ કાંઈ જુદી જુદી ચાર વસ્તુઓ નથી. ચાર સત્તા નથી, પણ ચારે ધર્મોથી અભેદ એક વસ્તુ સત્તા છે, સ્વદ્રવ્યને અનુભવતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ પણ આવી જ જાય છે, સ્વક્ષેત્રરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ પણ આવી જાય છે. સ્વકાળરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ પણ આવી જાય છે તથા સ્વભાવરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ પણ આવી જાય છે, આ પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી

**જો જ્ઞાન 'જ્ઞાની'નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,**
**તો નિત્ય નહિ, ક્ષાયિક નહીં ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦. –શ્રી પ્રવચનસાર**

અભેદરૂપ વસ્તુ છે, તેને ધર્મી અનુભવે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જુદા જુદા કરીને શોધવા જાય તો વસ્તુ જડતી નથી, વસ્તુ અનુભવમાં આવતી નથી, એટલે કે વસ્તુનો અનુભવ ખોવાઈ જાય છે. અભેદ અનુભવમાં જ વસ્તુ જડે છે.

જુઓ, આ વસ્તુને શોધીને તેની આરાધના કરવાની રીત! આવી આરાધના કરવી તે પર્યુષણ છે, તે ઉત્તમ ધર્મ છે. આ ઉત્તમ દિવસોમાં તો ઉત્તમ વાત જ આવેને! સૌથી ઉત્તમ એવી પોતાની અભેદ ચૈતન્યવસ્તુ, તેની આરાધના જેવું ઊંચું બીજું કાંઈ નથી.

ચૈતન્યવસ્તુ વિકલ્પવડે શોધાતી નથી, અખંડ ચૈતન્યવસ્તુ—તેની સન્મુખ વળેલો ઉપયોગ વિકલ્પથી જુદો થઈ જાય છે. આવા ઉપયોગ વડે ચૈતન્યવસ્તુ જડે છે, અનુભવમાં આવે છે. બાકી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એવા જુદા જુદા ચાર ભેદ પાડીને વસ્તુને લક્ષમાં લેવા માગે—તો એ રીતે વસ્તુ જડે તેવી નથી.

વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા પડી શકતા નથી, પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પિંડરૂપે જ વસ્તુ વિરાજમાન છે. જેમ ચાર માણસ કેરી જમવા બેઠા, તેમાં એક માણસને કેરીની મીઠાશ પીરસે, બીજાને તેનો સ્પર્શ પીરસે, ત્રીજાને તેની ગંધ પીરસે, ચોથાને તેનો રંગ પીરસે —એમ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જુદા પડી શકતા નથી, કેરીમાં બધા એક સાથે જ છે, તેમાં જીવવસ્તુ પોતાના ચૈતન્યમય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસહિત અભેદ બિરાજમાન છે, તે ચાર જુદા પડી શકતા નથી, જ્યાં એક છે ત્યાં બધા અભેદ છે. આવા અખંડરૂપ આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેમાં લીન થવું તે ચારિત્ર છે. આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના તે પરમાર્થ પર્યુષણપર્વ છે.

## ક્ષમા

**હું સર્વે જીવો પ્રત્યે ક્ષમા કરું છું; સર્વે જીવો મને ક્ષમા કરજો.**

કેવી ઉત્તમ વીતરાગભાવના જૈનશાસનમાં ભરી છે..... એ પુનિત ભાવનાનો પ્રવાહ પ્રત્યેક જૈનના અંતરમાં વહેતો હોય છે. એ જ પવિત્ર ભાવનાને યાદ કરીને, આ 'આત્મધર્મ'ના લેખન—સંપાદન દ્વારા કે બીજા કોઈ પ્રકારે પણ અમારા ભૂલોથી પૂજ્ય દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે, જિનવાણી પ્રત્યે કે હાર્દિક પ્રેમથી હું જેમને ચાહું છું એવા મારા સાધર્મીઓ પ્રત્યે કાંઈ અવિનયાદિ થયા હોય તે બદલ હું અંતઃકરણપૂર્વક ક્ષમાપના ચાહું છું.

—તંત્રી




# વિભાવજ્ઞાનના ભેદ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૯-૪-૪૪, શનિવાર) (ગતાંકથી ચાલુ)

ગાથા—૧૦ મી ચાલુ.

સ્વાભાવિક જ્ઞાનની વાત થઈ, હવે વિભાવજ્ઞાન ત્રણ પ્રકારે છે એમ વર્ણવે છે.

ગઈ કાલે કહેવાયું કે :—આત્માનો જાણવાનો સ્વભાવ છે. તેમાં ક્ષણેક્ષણે જે વેપાર થાય છે તે વેપાર એટલે કે પર્યાય તેને ઉપયોગ કહે છે. સ્વ—પરને જાણતાં જ્ઞાનમાં ચૈતન્યને અનુસરીને થતાં પરિણામને ઉપયોગ કહે છે; તે ઉપયોગના બે પ્રકાર છે; એક તો કેવળજ્ઞાન, તે સ્વાભાવિક જ્ઞાન ઉપયોગ તેનું વર્ણન કહેવાયું છે.

બીજો પ્રકાર—જે જ્ઞાન આત્માને ન જાણે અને પરને જાણે તે જ્ઞાન દોષવાળું—બંધનવાળું છે, તેને વિભાવજ્ઞાન કહે છે, તેના ત્રણભેદ છે (૧) કુમતિ (૨) કુશ્રુત અને (૩) કુઅવધિ (વિભંગ).

**૧. કુમતિ** :—જે જ્ઞાન પોતાને ન જાણતાં પરને જાણે, પોતામાં ન રોકાતાં પરમાં રોકાય તે કુમતિ. આત્મા સિવાય ચોવીસે કલાક પરમાં લક્ષ કર્યા કરે અર્થાત્ આત્માને ચૂકીને એકલું પરનું લક્ષ તે કુમતિ. આત્માના ભાન સિવાય એકલો પરમાં રોકાય તે કુબુદ્ધિ છે—પણ આત્માના ભાનસહિત પરમાં અલ્પ જોડાય તે કુબુદ્ધિ નથી. પોતાને જાણવો હોય તે ન જાણે, ન સમજે કે ન રુચિ કરે તે કુમતિ કહેવાય; એકલા સંસારનાં જ કામમાં ઉપયોગ કર્યા કરવો તે કુમતિ છે તથા સંસારનું કામ એ જ મારૂં કામ છે એમ માનનારી બુદ્ધિ કુબુદ્ધિ છે.

**૨. કુશ્રુત** :—જે શાસ્ત્રજ્ઞાનથી આત્મા ન સમજાય અને પુણ્ય—પાપ તથા પર સમજાય—સંસારના ચોપડા સમજાય તે જ્ઞાન કુશ્રુત છે. આત્મા અનાદિ અનંત છે. નિર્મળ છે તે ન સાંભળતાં પરને સાંભળવું તે કુશ્રુત; રાગ—દ્વેષનું વેદન અને પુણ્ય પાપના ભાવ તે મારાં—તેથી રહિત મારૂં સ્વરૂપ નહીં એવું વેદન તે કુશ્રુત છે.

**નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.** —**શ્રી પ્રવચનસાર**

**૩. કુઅવધિ અર્થાત્ વિભંગ અવધિ :—**આત્માને ન જાણતાં, ઉઘાડને લઈને સ્વર્ગ—નરક આદિ પરને જાણે, પણ પરને જાણનાર પોતાને જાણે નહીં એવું જે જ્ઞાન તે કુઅવધિ અથવા વિભંગ અજ્ઞાન છે.

કાર્ય સ્વભાવજ્ઞાનોપયોગ અને કારણ સ્વભાવજ્ઞાનોપયોગ વગેરે ઘણી વાત આવી ગઈ છે. આ ચૈતન્ય ગુણની સાથે ક્ષણે ક્ષણે થતો જ્ઞાનનો વેપાર તે ઉપયોગ—તેની વાત ચાલે છે. અહીં (દસમી ગાથા પૂરી થતાં) ટીકાકાર કહે છે કે :—

(માલિની)

**अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्धवा**
**परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।**

જે કોઈ જીવ જિનેન્દ્ર કથિત આત્માના જ્ઞાનના સંપૂર્ણ ભેદોને જાણીને, હું જ્ઞાનસ્વરૂપ નિર્મળ શુદ્ધ છું એમ જાણીને તથા રાગ—દ્વેષને છોડીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તથા પોતાના આત્માનો ચૈતન્યચમત્કારમાત્ર સ્વભાવ એટલે જાણવા—દેખવાનો સ્વભાવ છે તેમાં પર તો સહજ જણાઈ જાય છે એમ સમજીને પોતાના આત્મામાં પ્રવેશ કરે છે તે મુક્તિરૂપી સ્ત્રીનો પતિ થાય છે.

ચૈતન્યનો ચમત્કાર જ જાણવું તે છે, રાગ—દ્વેષના ભાવ કે શરીર, મન, વાણી મારાં એમ માનવું તે ચૈતન્યનો ચમત્કાર છે જ નહીં, ચમત્કાર છે ત્યાં નમસ્કાર છે, તે ચમત્કાર ચૈતન્યનો જ છે. જેવો ચૈતન્યનો ચમત્કાર છે એવો કોઈ જડ પદાર્થમાં નથી. રાગ—દ્વેષ પણ ક્ષણિક છે, પણ ચૈતન્યનો ચમત્કાર (જ્ઞાન) તે ત્રિકાળ છે, તેમાં પ્રવેશ કરે તે મુક્તિરૂપી લક્ષ્મીને વરે છે.

હવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય પોતે જાણવાના બે પ્રકાર પાડે છે. જ્ઞાન કાયમ તેનું તે રહે છે, પણ જ્ઞાનનો જાણવાનો વેપાર બદલ્યા કરે છે; તે જ્ઞાનોપયોગના ભેદો હવેની બે ગાથામાં કુંદકુંદાચાર્યદેવ પોતે જ કહે છે :—

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।**

**તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,**
**સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.** **—શ્રી પ્રવચનસાર**

सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव॥१२॥

केवलमिन्द्रियरहितं असहायं तत्स्वभावज्ञानमिति।
संज्ञानेतरविकल्पे विभावज्ञानं भवेद्द्विविधम्॥११॥

संज्ञानं चतुर्भेदं मतिश्रुतावधयस्तथैव मनःपर्ययम्।
अज्ञानं त्रिविकल्पं मत्यादेर्भेदतश्चैव॥१२॥

આત્માનો પૂર્ણ જાણવાનો સ્વભાવ છે, તે કેવળજ્ઞાન છે. તે જ્ઞાન અસહાય છે, એટલે કોઈ નિમિત્તની સહાયની તેને જરૂર નથી; અતીન્દ્રિય છે એટલે કોઈ ઇન્દ્રિય કે મનની જરૂર પડતી નથી; આવું સ્વાભાવિક જ્ઞાન, આત્માની શ્રદ્ધા–જ્ઞાન અને સ્થિરતા કરીને જેણે અખંડ પૂર્ણદશા પ્રગટ કરી તેને હોય છે.

હવે વિભાવ જ્ઞાનના ભેદોની વ્યાખ્યા કરે છે. વિભાવ જ્ઞાનના બે ભેદ છે (૧) સમ્યક્ (૨) મિથ્યા. તેમાં સમ્યક્ જ્ઞાનના ચાર ભેદો છે–મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય.

૧–પોતાના આત્મા તરફનું જ્ઞાન તે મતિજ્ઞાન.

૨–પોતામાં વિશેષ રહિત અર્થાત્ રાગ–દ્વેષ રહિત કાંઈ વેદનને જાણવાનું જ્ઞાન તે ભાવશ્રુત જ્ઞાન છે–તે સાચું જ્ઞાન છે, જે વિકલ્પ છે તે તો શબ્દશ્રુત જ્ઞાન છે.

૩–પોતાને જાણતાં સ્વર્ગ, નરક આદિ પરવસ્તુ પોતાના જ્ઞાનની મુખ્યતા રાખીને જણાય છે તે અવધિજ્ઞાન છે.

૪–પોતાના સંયમની શુદ્ધિ થતાં–પોતાના જ્ઞાનની વિશેષ નિર્મળતા થતાં પોતાના જ્ઞાનમાં પરવસ્તુ જણાય છે તે મનઃપર્યય જ્ઞાન છે. માત્ર પરને જાણવું તે મનઃપર્યયજ્ઞાન નથી. આત્માની સ્થિરતાદ્વારા જ્ઞાન અંદર ઉઘડ્યું છે તેથી અંદર ઉપયોગ મૂકે છે, બહાર ઉપયોગ મૂકવો પડતો નથી. અંદરમાં નિર્મળતા ઉઘડી છે એટલે ઉપયોગ મૂકે ત્યાં જ જ્ઞાનની નિર્મળતામાં પરવસ્તુ સહજ જણાય છે. જ્ઞાનની નિર્મળ શક્તિ એટલી ઉઘડી છે કે સ્વને જાણતાં પર જણાઈ જાય છે. સ્વ–પરને જાણવાવાળું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. પહેલાં 'સ્વ' આવ્યો, સ્વમાં જ્ઞાનનો વિકાસ થતાં પર જણાઈ જાય છે. સ્વમાં પોતાને લઈને વેપાર થાય છે. તેમાં પર જણાઈ જાય છે તે સમ્યગ્જ્ઞાન છે. (ક્રમશઃ)



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

अह णीरोओ देहो तो धणधण्णाण णेय संपत्ति ।
अह धणधण्णं होदि हु तो मरणं झत्ति ढुक्केदि ॥५२॥

**અર્થ :—**જો કોઈને નીરોગી દેહ હોય તો ધન-ધાન્યની પ્રાપ્તિ હોતી નથી અને જો ધન-ધાન્યની પ્રાપ્તિ થઈ જાય છે, તો (કદાચિત્) તુરત મરણ પણ થઈ જાય છે. ૫૨.

ચૈતન્યમાં સુખ છે તેને જે પ્રાણી માનતો નથી તે પ્રાણી દુઃખી થઈને ચાર ગતિમાં રખડ્યા કરે છે. સ્વભાવમાં સુખ ભર્યું છે તેને ન સ્વીકારે ને સંયોગમાં સુખ લેવા માગે છે તેને પરમાંથી સુખ કદી પણ આવવાનું નથી. પરમાં આત્માનું સુખ છે જ નહિ.

કોઈને લાખોની લક્ષ્મી પ્રાપ્ત થાય ને તરત આયુષ્ય પૂરું થઈ જાય; શાંતિ તો ચૈતન્યમાં છે ને ચૈતન્યનો કદી વિરહ પડતો નથી. લક્ષ્મી મળે ને જીવતો રહે તોપણ તેને ભોગવવાની આકુળતા તે દુઃખ જ છે. આશાવંત પ્રાણી દુઃખી છે. જેણે ચૈતન્યસ્વભાવની પૂર્ણતાની ભાવના ભાવી છે તેણે પરની આશાને દૂર કરી છે, તેને સાચી શાંતિ અને સુખ છે.

कस्स वि दुट्ठकलत्तं कस्स वि दुव्वसणवसणिओ पुत्तो ।
कस्स वि अरिसमबंधू कस्स वि दुहिदा दु दुच्चरिया ॥५३॥

**અર્થ :—**આ મનુષ્યભવમાં કોઈને સ્ત્રી દુરાચારિણી છે, કોઈને પુત્ર જુગાર આદિ દુર્વ્યસનોમાં લવલીન છે, કોઈને શત્રુ સમાન કલહકારી ભાઈ છે તો કોઈને પુત્રી દુરાચારિણી છે. ૫૩.

મનુષ્યભવ પામીને જેઓ તીવ્ર દુરાચરણ કરે છે તેવા જીવો મરીને નરકમાં જાય છે. જે તીવ્ર માયાકપટ કરે તેવા જીવો તિર્યંચ થાય છે. અજ્ઞાની જીવ ચિદાનંદ આત્માને ચૂકીને બહારના સંયોગમાં એકત્વબુદ્ધિ કરે છે તે જ દુઃખનું મૂળ કારણ છે. જેણે સત્ સમાગમે શ્રવણ-મનન કરીને અંદરમાં ચૈતન્યનું ભાન અને એકાગ્રતા કરી છે તેને દુઃખ હોતું નથી. અહો! સુખ તો મારા અંતર્મુખ સ્વરૂપમાં છે, બહારમાં મારું સુખ નથી ને

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીન્દ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.　　　–શ્રી પ્રવચનસાર**

બહિર્મુખ લાગણીઓમાં પણ મારું સુખ નથી—આવો યથાર્થ નિર્ણય પણ જીવે કદી કર્યો નથી. જો યથાર્થ નિર્ણય કરે તો અંદર સ્વરૂપમાં એકાગ્રતા થઈને સંસારથી મુક્તિ થયા વિના રહે નહિ.

મોટો રાજા હોય ને અંદર ઘરની રાણી જ મહાદુરાચારિણી થાય ને એવી ધમકી આપે કે જો અમને કાંઈ કહેશો તો ઝેર આપીને મારી નાખીશ ! સંસારમાં રખડતાં જીવને આવા પ્રસંગો અનંતવાર આવી ગયા છે. સંસારના સંયોગોમાં ક્યાંય શાંતિ નથી. અનુકૂળ સંયોગો હોય તો તેમાં પણ સુખ નથી. સગો ભાઈ સગા ભાઈનું માથું કાપી નાખે એવું પણ સંસારમાં બને છે. આ જાણીને અંદર ચૈતન્યની ભાવના ભાવવા માટેનું આ વર્ણન છે. સંયોગનો વિશ્વાસ કરે છે પણ ચિદાનંદ આત્માના સુખનો વિશ્વાસ કરતો નથી.

હું ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ આત્મા છું, મારા સ્વભાવમાં દુઃખ નથી—એવી જેને અંતરમાં નિઃશંક શ્રદ્ધા થઈ છે તે જીવ આખા સંસારને દુઃખરૂપે વિચારે છે. નરક કે સ્વર્ગ, પ્રતિકૂળતા કે અનુકૂળતા—તેમાં ક્યાંય મારું સુખ નથી, મારું સુખ મારા ચૈતન્યસ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્રતા કરું તો પ્રગટે છે. શરીરમાં રોગ થાય છે, જ્યાં શરીરમાં પણ પોતાનું ધાર્યું થતું નથી, તો પર સંયોગને હું ફેરવું—એ તો તદ્દન મિથ્યાબુદ્ધિ છે. પર જીવને હું બચાવી દઉં એમ અજ્ઞાની માને છે તેને પરનો અહંકાર ટળતો નથી ને સ્વભાવની દ્રઢતા થતી નથી, ધર્મી તો જાણે છે કે ક્યાંય પણ સંયોગમાં ફેરફાર કરવાની મારી તાકાત નથી, હું તો જ્ઞાન અને દર્શન સ્વરૂપ છું, જગતની બધી ચીજો મારું દશ્ય છે ને હું તો દૃષ્ટા છું; પણ ક્યાંય ફેરફાર કરી દઉં એવું મારું સ્વરૂપ નથી ને સંયોગોના ફેરફારથી મને સુખ કે દુઃખ નથી, પરથી ભિન્ન ને પુણ્ય-પાપથી છૂટો એવો મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં જ મારું સુખ છે. આવી પ્રતીત કરીને ચૈતન્યની ભાવના કરવી તે જ સુખનો ઉપાય છે.

મારું સુખ મારા આત્મામાં જ છે. એ સિવાય પુણ્ય-પાપમાં કે જગતના કોઈ સંયોગોમાં મારું સુખ નથી, આમ જ્યાં સુખી આત્માના સુખનો વિશ્વાસ ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી, ને ભવભ્રમણ ટળતું નથી.

कस्स वि मरदि सुपुत्तो कस्स वि महिला विणस्सदे इट्ठा ।
कस्स वि अग्गिपलित्तं गिहं कुडंबं च डज्झेइ ।।५४।।

દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીન્દ્રિને, પ્રચ્છન્નને,
તે સર્વને—પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪. –શ્રી પ્રવચનસાર

**અર્થ :**—કોઈને તો સારો પુત્ર હોય તે મરી જાય છે, કોઈને ઈષ્ટ સ્ત્રી હોય તે મરી જાય છે તો કોઈને ઘર-કુટુંબ સઘળું અગ્નિ વડે બળી જાય છે. ૫૪.

પ્રતિકૂળ સંયોગ બતાવીને અહીં સંસારના દુઃખનું વર્ણન કર્યું છે ત્યાં ખરેખર કાંઈ સંયોગનું દુઃખ નથી, પણ ચૈતન્યસુખનો વિશ્વાસ મૂકીને સંયોગની ભાવના કરે છે, તેથી તે જીવ પોતાની આકુળતાથી જ દુઃખી થાય છે. ચૈતન્યનો બેહદ સ્વભાવ છે તેને ચૂક્યો એટલે સંયોગમાં સુખ માનીને અનંતાનુબંધી કષાય થયો. તેના ફળમાં સંસારમાં આવા આવા પ્રસંગો થાય છે. ધર્મી જીવ પોતાના ચૈતન્યને પરથી પૃથક્ જાણીને સ્વભાવની ભાવના ભાવે છે. સ્વભાવની દૃષ્ટિપૂર્વક તે સંસારનું સ્વરૂપ કેવું દુઃખમય છે તે વિચારીને પોતાના વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી આ ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે.

આત્મા અને પર ચીજ ભિન્ન-ભિન્ન પૃથક્ છે, તો એક બીજાનું શું કરે? જુઓ બે આંગળી છે, તેનું કાર્ય એક છે કે જુદું ? જો બન્નેનું કાર્ય જુદું ન હોય તો તે આંગળી 'બે' ન રહે, પણ એક થઈ જાય! પણ બન્ને આંગળી ભિન્ન છે ને બન્નેનું કાર્ય પણ ભિન્ન છે. જો એમ ન માનો તો બે આંગળીનું અસ્તિત્વ જ સિદ્ધ ન થાય. તેમ જીવ અને દેહ બન્ને પૃથક્ વસ્તુઓ છે, જગતની અનંત વસ્તુઓ છે તે બધી પૃથક્ -પૃથક્ છે, ને તે દરેકનું પોતપોતાનું કાર્ય પણ ભિન્ન-ભિન્ન છે, આમ ભિન્નપણું નક્કી કરે તો સંયોગથી મને સુખ-દુઃખ છે એવી મિથ્યાબુદ્ધિ ઊડી જાય ને ચૈતન્યના સ્વભાવ-સુખની દૃઢતા થાય.

જુઓને ! કોઈને જુવાન દીકરો મરી જાય, કોઈને સ્ત્રી મરી જાય, કોઈને ઘરબાર બધુ ક્ષણમાં ભસ્મ થઈ જાય. એમાં જીવનું કાંઈ ધાર્યું થાય નહિ. ઉંદર ખાઈ જાય, ચોર આવીને ચોરી જાય, અગ્નિમાં બળી જાય—એ બધુંય જીવો સહન કરે છે, પણ પોતે રાગ ઘટાડીને ધર્મના કામમાં લક્ષ્મી વાપરવી હોય તો ત્યાં ઉલ્લાસ આવતો નથી ! અનેક પ્રકારે લક્ષ્મી ચાલી જાય છે, લક્ષ્મી વગેરેનો સંયોગ કાંઈ કાયમ રહેતો નથી, ચિદાનંદ સ્વભાવ શાશ્વત છે તે જ મારા સુખનું કારણ છે એમ સમજીને ધર્મ—પ્રભાવના વગેરે નિમિત્તે ધર્મી જીવ લક્ષ્મી વગેરેનો રાગ ઘટાડે છે. (ક્રમશઃ)

પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી
કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫. –શ્રી પ્રવચનસાર



# સર્વજ્ઞની સિદ્ધિ અને સાચા જૈનીનું કાર્ય

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આત્માનો સર્વજ્ઞ વીતરાગસ્વભાવ જેને પ્રગટ્યો છે એવા ભગવાન અરિહંતદેવના ભક્ત કેવા હોય તેનો અધિકાર છે. સવારે સમયસારજી વંચાય છે તેમાં તો નિશ્ચયભક્તિની એટલે કે પોતાના શુદ્ધ સ્વરૂપની ભક્તિની વાત છે અને અત્યારે આ સત્તાસ્વરૂપમાં વ્યવહારભક્તિ એટલે કે સર્વજ્ઞદેવની ભક્તિની વાત છે. જેમ બીજાઓને તેઓના માનેલા કુદેવાદિ માટે પ્રેમ હોય છે તેમ તેના કરતાં વિશેષ પ્રેમ સાચા દેવ-ગુરુ પ્રત્યે જે જીવને હોય અને સુદેવાદિને માટે તન-મન-ધન હર્ષ અને ઉમંગથી લગાવે ત્યારે તો તે દેવ-ગુરુની પ્રીતિવાળો કહેવાય, એટલે કે જિનદેવનો વ્યવહારે ભક્ત કહેવાય. સર્વજ્ઞ ભગવાનનો, સાચા ગુરુનો તથા શાસ્ત્રનો ભક્ત થતાં તન-મન-ધન-વચન-જ્ઞાન વગેરેથી તેમાં જ તે વર્તે છે. હજી અહીં સુધી આત્માની શ્રદ્ધા થઈ નથી, પણ સાચા નિમિત્તો એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા થઈ છે. પ્રથમ સાચા દેવ-ગુરુને ઓળખીને તેને માટે તન-મન-ધનની અર્પણતા કરે અને કુદેવ-કુગુરુમાં પ્રવર્તે નહીં ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે છે અને જ્યારે દેવ-ગુરુ પ્રત્યેનો રાગ પણ મારું સ્વરૂપ નથી એમ આત્માની શુદ્ધ શ્રદ્ધા કરે ત્યારે અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છૂટે.

જિનદેવના ભક્ત હોય તે અન્ય કુદેવાદિને માનતા નથી. અભાવને સાધે પણ મિથ્યા સદ્ભાવને સાધે નહિ, તેને અનુમોદે નહીં અને તેને મદદરૂપ ન બને. અમૃતની ગેરહાજરીમાં ઝેરને ન સાધે એટલે કે સાક્ષાત્ જિનદેવ અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં બીજા કુદેવમાં 'આ દેવ હશે' એવી દેવપણાની કલ્પના મનમાં પણ જિનદેવના ભક્ત ન થવા દે.

પ્રશ્ન :—સાચા દેવને જોયા વિના શી રીતે નક્કી કરે?

ઉત્તર :—જેમ કોઈ માણસ બંધ મકાનમાં વીણા વગાડતો હોય, તે માણસ નજરે ન દેખાય છતાં બહારનો માણસ તેની વીણા વગાડવાની ચતુરાઈ, ઢબ, અવાજ વગેરે ઉપરથી, તે પુરુષને નજરે જોયા વિના પણ, તેની કળા વગેરેનો નિર્ણય કરી લે છે. ગાનારની ઢબ, શૈલી, કળા વગેરે ઉપરથી ગાનારના સ્વરૂપને નક્કી કરી શકાય છે.

> રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે
> છે ઇન્દ્રિવિષયો, તેમનેય ન ઇન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬. –શ્રી પ્રવચનસાર

(માણસને નજરે જુએ તો જ તેનો નિર્ણય થાય એવું કાંઈ નથી); તેમ આ શરીરરૂપી મકાન, તેમાં વાણીરૂપી વીણા, તે દ્વારા અંતરના આત્માનું સર્વજ્ઞપદ નક્કી થઈ શકે છે. ભલે શ્રોતાઓ બોલનારના આત્માને નજરે ન જુએ, છતાં વાણીના પૂર્વાપર અવિરોધપણા ઉપરથી નક્કી કરી શકે છે કે આ વાણી સર્વજ્ઞની જ છે. સર્વજ્ઞપદ ઊઘડતાં વાણી અને આત્મા બન્ને સ્વતંત્ર થાય છે. જો કે વાણી અને આત્મા બન્ને સ્વતંત્ર જ હતા, પણ અંદર જ્ઞાનનું જે સર્વજ્ઞપણું ખીલી ગયું છે તેનું નિમિત્તપણું વાણીમાં પણ આવે છે, એટલે સર્વજ્ઞનું જ્ઞાન પણ પૂરું છે અને વાણીમાં પણ એક સમયમાં પૂરું કથન આવે છે. એવી વાણી સર્વજ્ઞદેવ સિવાય બીજાને હોય નહીં, એ રીતે વાણી ઉપરથી સર્વજ્ઞને નક્કી કરી શકાય છે.

સર્વજ્ઞની સિદ્ધિનો બીજો ન્યાય :—આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એક આત્મા કરતાં બીજા આત્મામાં વધારે જ્ઞાન જણાય છે, વળી ત્રીજા આત્મામાં તેના કરતાં વધારે જ્ઞાન હોય છે એમ ઉત્તરોત્તર જ્ઞાનની વૃદ્ધિ થતાં કોઈ જીવને પરિપૂર્ણ જ્ઞાન પણ પ્રગટે છે. જે જીવને પરિપૂર્ણ જ્ઞાન પ્રગટ્યું છે તે સર્વજ્ઞ છે.

સર્વજ્ઞની સિદ્ધિનો ત્રીજો ન્યાય :—એક જીવને જેટલા રાગ-દ્વેષ હોય છે તેના કરતાં બીજા જીવને થોડા રાગ-દ્વેષ હોય છે, વળી ત્રીજા જીવને તેના કરતાં પણ થોડા રાગ-દ્વેષ હોય છે, એમ ઓછા કરતાં કરતાં છેવટે કોઈ જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ પણ હોય છે. જે જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ હોય તે જીવને પરિપૂર્ણ જ્ઞાન હોય અને તેને સર્વજ્ઞ કહેવાય છે. આ રીતે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનું સ્વરૂપ નક્કી કરીને તેમને જે દેવ તરીકે પૂજે, શ્રદ્ધા કરે તે તો પોતાની ભક્તિથી હજી ભગવાનને પોતાના આંગણે લાવ્યો છે, અર્થાત્ પોતે સત્‌ના આંગણે આવ્યો છે.

જિનદેવનો વ્યવહારે ભક્ત હોય તે મિથ્યા સદ્‌ભાવને સ્થાન ન આપે એટલે કે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય ખોટા દેવ-ગુરુનું સમર્થન ન કરે, વાણી દ્વારા ખોટાનું સ્થાપન ન કરે તેમ જ કોઈ અન્ય પ્રકારે ખોટાનું સમર્થન ન કરે—તેને સ્થાન ન આપે; સર્વજ્ઞદેવ અને કુદેવાદિ સરખા નથી એમ માને ત્યારે તો સર્વજ્ઞની વ્યવહારે શ્રદ્ધા છે. સત્યમાર્ગ તો એક જ હોય, સત્યના બે માર્ગ ત્રણકાળ ત્રણલોકમાં ન હોય. વીતરાગદેવ સિવાય બીજા દેવને સાચા માનનાર વીતરાગનો ભક્ત નથી.

કેટલાક જીવો જૈનધર્મ અને બીજા ધર્મનો સમન્વય કરવા માગે છે, પણ

**તે ઇન્દ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;**
**તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઇ રીત જીવને? ૫૭.** **–શ્રી પ્રવચનસાર**

જૈનધર્મનો બીજા ધર્મ સાથે સમન્વય કદી થાય નહીં. અમૃત અને ઝેરના સમન્વય હોય નહીં. વીતરાગના સેવક વીતરાગદેવનું સ્વરૂપ ને બાહ્યરૂપ અન્યથા કહેતા કે માનતા નથી. વીતરાગની વાણી સહજ સ્વભાવે નીકળે છે, બીજાને લાભ થાય એવી ઈચ્છાથી ભગવાનની વાણી નીકળતી નથી; ભગવાન તો તદ્દન વીતરાગ થઈ ગયા છે, અને વાણી પણ સ્વતંત્રપણે નીકળે છે.

વીતરાગના સેવક ક્યારે કહેવાય, વ્યવહારે જૈન ક્યારે કહેવાય તે કહેવાય છે. વીતરાગના સેવક વીતરાગદેવથી ઊંધું કહેનારની વાત પણ સાંભળતા નથી. બાપને ગાળ દેનાર બાપનો વેરી છે, સારો છોકરો તેને માન ન આપે, તેમ વીતરાગની વાતથી વિરુદ્ધ કહેનારની વાત વીતરાગના સેવક સાંભળે પણ નહિ. જિનદેવની વીતરાગ પ્રતિમાનું રૂપ સરાગરૂપ ન કરે. વીતરાગની પ્રતિમાને વસ્ત્ર ન હોય, માળા ન હોય, મુગટ ન હોય, તેમ જ શસ્ત્ર વગેરે કોઈ રાગાદિના ચિહ્ન જિનદેવની પ્રતિમાને ન હોય. જિનદેવ તો વીતરાગ છે, આનંદઘન છે. તેમના સાક્ષાત્ અભાવમાં તેમની સ્થાપના કરવામાં આવે છે. તે સ્થાપનાના બે પ્રકાર છે : (૧) સદ્ભાવરૂપ સ્થાપના, (૨) અસદ્ભાવરૂપ સ્થાપના. જિનદેવ પ્રમાણે તેમની મૂર્તિમાં જિનદેવપણાનો આરોપ કરવો તે સદ્ભાવરૂપ સ્થાપના છે, અને ફૂલ વગેરેમાં સ્થાપના કરવી તે અસદ્ભાવરૂપ સ્થાપના છે. જિનદેવની પ્રતિમામાં જિનદેવની જ સ્થાપના છે, તેથી તે પ્રતિમા ઉપર શણગાર ન હોય. એ તો વીતરાગતાનું પ્રતિબિંબ છે, નિર્ગ્રંથ છે. આ રીતે જિનદેવનો વ્યવહારે સેવક હોય તે જિન-પ્રતિમાનું સ્વરૂપ અન્યથા ન માને, જિન-પ્રતિમાનો અવિનયાદિ ન કરે, જિનદેવની પ્રતિમાનો કોઈ અવિનયાદિ કરે તો તેનો સ્વીકાર ન કરે અને અવિનયાદિના સ્થાનોથી પોતે પોતાને બચાવતો રહે. તેવી જ રીતે જિનદેવ પ્રમાણે સદ્ગુરુ અને સત્શાસ્ત્રોનું પણ સમજી લેવું. આટલું કરે ત્યારે તો હજી શુભરાગમાં આવ્યો કહેવાય, ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેવાય અને તે બાહ્ય જૈની બન્યો કહેવાય. અને જ્યારે શુદ્ધ આનંદઘન સ્વરૂપની શ્રદ્ધાના જોરે તે શુભરાગનો પણ નકાર કરે અર્થાત્ મારે પર સાથે તો સંબંધ નથી પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના શુભ વિકલ્પ ઊઠે તે પણ મારું સ્વરૂપ નથી, હું તો અખંડ જ્ઞાયક છું , મારા જ્ઞાયકસ્વરૂપમાં રાગનો અંશ પણ નથી—આ રીતે આત્મસ્વભાવની શ્રદ્ધા કરે ત્યારે પરમાર્થ શ્રદ્ધા થાય છે. તે વીતરાગનો સાચો સેવક બન્યો છે, અનાદિની ઊંધી માન્યતારૂપ અગૃહીત મિથ્યાત્વ તેને છૂટ્યું છે અને તે ખરેખર જૈન છે. (ક્રમશઃ) ✻

**અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;**
**જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.** **–શ્રી પ્રવચનસાર**

# જ્ઞાનદાન અર્થાત્ શાસ્ત્રદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

કુંદકુંદાચાર્યના જીવે પૂર્વે ભરવાડના ભવમાં ભક્તિપૂર્વક મુનિને શાસ્ત્ર આપ્યું હતું—તે દાખલો શાસ્ત્રદાન માટે પ્રસિદ્ધ છે. જુઓ, આ જ્ઞાનદાનનો ઘણો મહિમા છે. જેણે સાચા શાસ્ત્રની ઓળખાણ કરી છે ને પોતે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું છે તેને એવો ભાવ આવે છે કે અહો, આવી જિનવાણી ને આવી ગુરુવાણી જગતમાં પ્રચાર પામે ને જીવો સમ્યગ્જ્ઞાન પામીને હિત કરે. જ્ઞાનના બહુમાનપૂર્વક શાસ્ત્રદાન વડે જ્ઞાનનો ઘણો ક્ષયોપશમભાવ ખીલી જાય છે.

જ્ઞાનદાનનો મહિમા અને તેનું મહાન ફળ કેવળજ્ઞાન બતાવે છે—

(शार्दूलविक्रीडित)

व्याख्या पुस्तकदानमुन्नतधियां पाठाय भव्यात्मनां<br>
भक्त्या यत्क्रियते श्रुताश्रयमिदं दानं तदाहुर्बुधाः ।<br>
सिद्धे ऽस्मिन् जननान्तरेषु कतिषु त्रैलोक्यलोकोत्सव-<br>
श्रीकारिप्रकटीकृताखिलजगत्कैवल्यभाजो जनाः ।।१०।।

અર્થ :—ઉન્નત બુદ્ધિના ધારક ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિથી જે પુસ્તકનું દાન આપવામાં આવે છે અથવા તેમને તત્ત્વનું વ્યાખ્યાન આપવામાં આવે છે, તેને વિદ્વાનો શ્રુતદાન (જ્ઞાનદાન) કહે છે. આ જ્ઞાનદાન સિદ્ધ થતાં થોડા જ ભવોમાં મનુષ્ય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે જેના વડે સમસ્ત વિશ્વ સાક્ષાત્ દેખાય છે અને જે પ્રગટ થતાં ત્રણે લોકના પ્રાણી ઉત્સવની શોભા કરે છે. ૧૦.

સર્વજ્ઞદેવના કહેલા શાસ્ત્રોનું ભક્તિપૂર્વક વ્યાખ્યાન કરવું તથા વિશાળ બુદ્ધિવાળા ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિપૂર્વક પુસ્તકો આપવા તેને જ્ઞાનીજનો શાસ્ત્રદાન અથવા જ્ઞાનદાન કહે છે. આવા જ્ઞાનદાનનું ફળ શું? તો કહે છે કે આવા જ્ઞાનદાન વડે ભવ્ય જીવ થોડા જ ભવોમાં, ત્રણ લોકને ઉત્સવકારી તથા શ્રીકારી એટલે કે સમવસરણાદિ લક્ષ્મીને કરનાર, અને લોકના સમસ્ત પદાર્થોને હસ્તરેખા સમાન સાક્ષાત્ દેખનાર એવા

**સ્વયમેવ જાત, સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને<br>
અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯ –શ્રી પ્રવચનસાર**

કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે; એટલે કે તીર્થંકરપદવી સહિત કેવળજ્ઞાનને પામે છે એવી વાત લીધી છે. જ્ઞાનની આરાધનાનો જે ભાવ છે તેના ફળમાં કેવળજ્ઞાન પામે છે ને વચ્ચે જ્ઞાનના બહુમાનનો, ધર્મીના બહુમાનનો જે શુભભાવ છે તેનાથી તીર્થંકરપદ વગેરે મળે છે. માટે પોતાના હિતના ચાહક શ્રાવકે હંમેશ જ્ઞાનદાન અવશ્ય કરવા યોગ્ય છે.

જુઓ, આ જ્ઞાનદાનનો મહિમા! સાચા શાસ્ત્ર શું તેની જેણે ઓળખાણ કરી છે ને પોતે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું છે તેને એવો ભાવ આવે છે કે અહો, આવી જિનવાણી ને આવી ગુરુવાણી જગતમાં પ્રચાર પામે, ને જીવો સમ્યગ્જ્ઞાન પામીને પોતાનું હિત કરે.—આવી જ્ઞાનપ્રચારની ભાવનાપૂર્વક પોતે શાસ્ત્ર લખે, લખાવે, વાંચે, પ્રસિદ્ધ કરે, લોકોને સહેલાઈથી શાસ્ત્ર મળે—એમ કરે;—આવો જ્ઞાનદાનનો ભાવ ધર્મી જીવને આવે છે, ને ધર્મના જિજ્ઞાસુને પણ એવો ભાવ આવે છે.

જ્ઞાનદાનમાં પોતાને જ્ઞાનનું બહુમાન ઘુંટાય છે. ત્યાં કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવને એવા ઊંચા પુણ્ય બંધાઈ જાય છે કે તીર્થંકર થાય, ને સમવસરણમાં દિવ્યધ્વનિ છૂટે, એ દિવ્યધ્વનિ ઝીલીને ઘણા જીવો ધર્મ પામે. 'અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ' એટલે જ્ઞાનના તીવ્રરસથી વારંવાર તેમાં ઉપયોગ જોડવો–તેને પણ તીર્થંકરપ્રકૃતિનું કારણ કહ્યું છે. પણ આવો ભાવ ખરેખર કોને હોય? કે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય એટલે પોતે ધર્મ પામ્યો હોય તેને જ જ્ઞાનદાન કે અભીક્ષ્ણજ્ઞાનોપયોગ યથાર્થ હોય છે. સાચો માર્ગ જેણે જાણ્યો છે એવા શ્રાવકના ધર્મની આ વાત છે. સમ્યગ્દર્શન વગર તો વ્રત–દાન વગેરે શુભ કરવા છતાં અનાદિથી સંસારમાં રખડી રહ્યો છે. અહીં તો ભેદજ્ઞાન કરીને જે મોક્ષમાર્ગે ચડ્યો છે એવા જીવની વાત છે. જે પોતે જ જ્ઞાન નથી પામ્યો તે બીજાને જ્ઞાનદાન શું કરશે? જ્ઞાનના નિર્ણય વગર શાસ્ત્ર વગેરેના બહુમાનથી પુસ્તક વગેરેનું દાન કરે તેમાં મોક્ષમાર્ગ વગરનાં પુણ્ય બંધાય, પણ અહીં શ્રાવકધર્મમાં તો મોક્ષમાર્ગ સહિતના દાનાદિની પ્રધાનતા છે; એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો પ્રથમ કરવી જોઈએ; તેના વગર મોક્ષમાર્ગ થાય નહીં. જ્ઞાનદાન–શાસ્ત્રદાન કરનાર શ્રાવકને સત્શાસ્ત્ર ને કુશાસ્ત્ર વચ્ચે વિવેક છે. સર્વજ્ઞની વાણી ઝીલીને ગણધરાદિ સંતોએ ગૂંથેલા વીતરાગી શાસ્ત્રોને ઓળખીને તેનું દાન અને પ્રચાર કરે; પણ મિથ્યાદ્રષ્ટિએ રચેલા, તત્ત્વવિરુદ્ધ, કુમાર્ગના પોષક એવા કુશાસ્ત્રને તે માને નહિ, તેનું દાન કે પ્રચાર કરે નહિ. અનેકાન્તમય સત્શાસ્ત્રને ઓળખીને તેના જ દાનાદિ કરે.

**જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;**
**ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦. –શ્રી પ્રવચનસાર**

સંયોગની ને અશુદ્ધતાની રુચિ છોડીને, પોતાના ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ–રુચિ–પ્રીતિ કરવી તે સમ્યગ્દર્શન છે, તે ધર્મની પહેલી ચીજ છે, તેના વગર પુણ્ય બંધાય પણ કલ્યાણ ન થાય, મોક્ષમાર્ગ ન થાય. પુણ્યની રુચિમાં અટક્યો, પુણ્યના વિકલ્પમાં કર્તૃત્વબુદ્ધિથી તન્મય થઈને રોકાણો તેને પુણ્યની સાથે મિથ્યાત્વનું પાપ પણ ભેગું બંધાય છે. પં. શ્રી ટોડરમલ્લજી મોક્ષમાર્ગપ્રકાશકના છઠ્ઠા અધ્યાયમાં કહે છે કે—''જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરતો હોય, તથા પોતાના આત્માને દુઃખ-સમુદ્રમાં ડુબાડવા ન ઈચ્છતો હોય તે જીવ આ મિથ્યાત્વપાપને અવશ્ય છોડે. નિંદા-પ્રશંસાદિના વિચારથી પણ શિથિલ થવું યોગ્ય નથી.''

કોઈ કહે કે સમ્યક્ત્વ તો બહુ ઊંચી ભૂમિકામાં હોય, પહેલાં તો વ્રત–સંયમ હોય, તો તેને જિનમતના ક્રમની ખબર નથી. 'જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય, પછી વ્રત હોય' (મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૨૯૫) ''મુનિપદ લેવાનો ક્રમ તો આ છે કે પહેલાં તત્ત્વજ્ઞાન થાય, પછી ઉદાસીન પરિણામ થાય, પરીષહાદિ સહન કરવાની શક્તિ થાય, અને તે પોતાની મેળે જ મુનિ થવા ઈચ્છે, ત્યારે શ્રીગુરુ તેને મુનિધર્મ અંગીકાર કરાવે. પણ આ તે કઈ જાતની વિપરીતતા છે કે તત્ત્વજ્ઞાનરહિત ને વિષયાસક્ત જીવને માયા વડે વા લોભ બતાવી મુનિપદ આપી, પાછળથી અન્યથા પ્રવૃત્તિ કરાવવી !—એ તો મોટો અન્યાય છે.''—૨૦૦ વર્ષ પહેલાં પં. ટોડરમલ્લજીનું આ કથન છે.

બંધનાં પાંચ કારણોમાં મિથ્યાત્વ સૌથી મુખ્ય કારણ છે. મિથ્યાત્વ છોડ્યા વગર અવ્રત કે કષાયાદિ છૂટે નહિ. મિથ્યાત્વ છૂટતાં અનંતા બંધન એક ક્ષણમાં તૂટી જાય છે. જેને હજી મિથ્યાત્વ છોડવાની તો દરકાર નથી તેને અવ્રત ક્યાંથી છૂટશે ? ને વ્રત ક્યાંથી આવશે ? આત્મા શું છે તેની જેને ખબર નથી તે શેમાં ઊભો રહીને વ્રત કરશે. ચિદાનંદસ્વરૂપનો અનુભવ થયા પછી તેમાં જરાક વિશેષ સ્થિરતા થાય, ત્યારે બે કષાયચોકડીના અભાવરૂપ પંચમગુણસ્થાન તથા શ્રાવકધર્મ પ્રગટે ને તેને વ્રત સાચાં હોય. આવા શ્રાવકધર્મના ઉદ્યોતનનો આ અધિકાર છે. (ક્રમશઃ) ❋

**અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;**
**છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઇષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧. –શ્રી પ્રવચનસાર**

## શ્રી નાટક સમયસાર
# સાધક-સાધ્ય અધિકારનો સાર

જે સાધે તે સાધક, જેને સાધવામાં આવે તે સાધ્ય છે. મોક્ષમાર્ગમાં ''મૈં સાધ્ય સાધક મૈં અબાધક''ની નીતિથી આત્મા જ સાધ્ય છે અને આત્મા જ સાધક છે, ભેદ એટલો છે કે ઊંચી અવસ્થા સાધ્ય અને નીચલી અવસ્થા સાધક છે, તેથી કેવળજ્ઞાની અર્હંત સિદ્ધ પર્યાય સાધ્ય અને સમ્યગ્દષ્ટિ શ્રાવક સાધુ (વગેરે) અવસ્થાઓ સાધક છે.

અનંતાનુબંધીની ચોકડી અને દર્શનમોહનીયત્રયનો અનુદય થવાથી સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ જીવ ઉપદેશનો વાસ્તવિક પાત્ર થાય છે, તેથી મુખ્ય ઉપદેશ તન, ધન, જન આદિ તરફથી રાગ દૂર કરવાનો અને વ્યસન તથા વિષય-વાસનાઓથી વિરક્ત થવાનો છે. જ્યારે લૌકિક-સંપત્તિ અને વિષય-વાસનાઓથી ચિત્ત વિરક્ત થઈ જાય છે ત્યારે ઈન્દ્ર, અહમિન્દ્રની સંપદા પણ વિરસ અને નિસ્સાર જણાવા લાગે છે તેથી જ્ઞાનીઓ સ્વર્ગાદિની અભિલાષા કરતા નથી કારણ કે જ્યાંસુધી (ઉપર) ચડીને 'દેવ ઈક ઈન્દ્રી ભયા'ની ઉક્તિ અનુસાર ફરી નીચે પડે છે તેને ઉન્નતિ જ કહેતા નથી અને જે સુખમાં દુઃખનો સમાવેશ છે તે સુખ જ નથી દુઃખ જ છે, તેથી વિવેકી જીવ સ્વર્ગ અને નરક બન્નેને એક સરખા જ ગણે છે.

આ સર્વથા અનિત્ય સંસારમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જેના પ્રત્યે અનુરાગ કરવામાં આવે; કારણ કે ભોગોમાં રોગ, સંયોગમાં વિયોગ, વિદ્યામાં વિવાદ, શુચિમાં ગ્લાનિ, જયમાં હાર પ્રાપ્ત થાય છે. ભાવ એ છે કે સંસારની જેટલી સુખ સામગ્રી છે તે દુઃખમય જ છે, તેથી સુખની સહેલી એકલી ઉદાસીનતા

---

ચેતન તૂ તિંહુકાલ અકેલા
નદી નાવ સંજોગ મિલે જ્યોં, ત્યોં કુટુંબ કા મેલા....ચેતન૦

યહ સંસાર અસાર રૂપ સબ, જ્યોં પટપેખન ખેલા,
સુખ સંપતિ શરીર જલ બુદ બુદ, વિનસત નાહીં બેલા....ચેતન૦

મોહ મગન આતમ ગુન ભૂલત, પરિ તોહિ ગલ જેલા,
મૈં મૈં કરત ચહૂં ગતિ ડોલત, બોલત જૈસે છેલા....ચેતન૦

કહત 'બનારસી' મિથ્યામત તજ, હોઇ સુગુરુ કા ચેલા,
તાસ વચન પરતીત આન જિય, હોઇ સહજ સુરઝેલા....ચેતન૦

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—અનુભૂતિમાં ને જ્ઞાનમાં ફેર શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનમાં તો આખો આત્મા જણાય છે અને અનુભૂતિમાં તો પર્યાયનું જ વેદન આવે છે દ્રવ્યનું વેદન થતું નથી.

શ્રોતા :—આત્મામાં અનંત ગુણો છે. તે ગુણભેદનું લક્ષ છોડવાથી નિર્વિકલ્પ થાય છે, તો તેમાં અનંત ગુણોનું જ્ઞાન ચાલ્યું જતું નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મામાં અનંત ગુણો છે તેનું જ્ઞાન કરીને તેના ભેદનું લક્ષ છોડતાં જ્ઞાન ચાલ્યું જતું નથી, ભેદનો વિકલ્પ છૂટી દૃષ્ટિ અભેદ થતાં નિર્વિકલ્પતામાં અનંત ગુણોનો સ્વાદ આવે છે—અનુભવ થાય છે.

સમયસાર ગાથા ૭ની ટીકામાં અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું છે એમ કહ્યું છે. ત્યાં 'પર્યાય' શબ્દથી સહવર્તી ગુણો કહ્યા છે. સમયસારની ૨૯૪મી ગાથાની ટીકામાં પણ સહવર્તી ગુણોને 'પર્યાય' શબ્દથી કહ્યા છે. અનંત ગુણોને દ્રવ્ય પી ગયું છે એટલે અનંત ગુણમય અભેદરૂપ એક અખંડ આત્મા છે.

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ અભેદ એકરૂપ છે. એમાં આ અશુદ્ધ પર્યાયવાળો આત્મા ને આ શુદ્ધ પર્યાયવાળો આત્મા, એમ એકરૂપ આત્મામાં બે ભેદ પાડવા તે કુબુદ્ધિ છે; એકરૂપ જ્ઞાયકભાવમાં આ બહિરાત્મા અને આ અંતરાત્મા એવા ભેદ કરે છે તે પર્યાયબુદ્ધિ છે. શુદ્ધ નિશ્ચયનયનો વિષય ત્રિકાળ શુદ્ધ એકરૂપ આત્મા પર્યાય વિનાનો છે; એમાં પર્યાયભેદ પાડવાનો વિકલ્પ કરે છે (—દૃષ્ટિ કરે છે) તે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :—પર્યાયના ભેદ જાણવામાં આવે છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાયનું યથાયોગ્ય જ્ઞાન કરવું તે બરાબર છે, પણ શુદ્ધ અખંડ અભેદ આત્માને પર્યાયના ભેદરૂપ માને છે તેને કુબુદ્ધિ કહ્યો છે.

(નિયમસાર કળશ ૨૬૧)

**સુણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે',**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.　　　–શ્રી પ્રવચનસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પહેલાં શું અસ્તિત્વનું ભાવભાસન થાય કે કાંઈ વેદનમાં આવે ?

પૂજ્ય બહેનશ્રી :—પહેલાં વેદનમાં આવે નહિ, તેનું લક્ષણ ઓળખાય છે, ભાવભાસન થાય છે. જે જાણનાર છે તે હું છું એવું તેને ભાવનું ભાસન થાય છે. પ્રથમ વેદન થાય છે એમ નથી. હજી સહજરૂપે દશા નથી ત્યાં સુધી પ્રયત્ન કરે છે. સહજરૂપે દશા તો જ્ઞાયકને ઓળખે ત્યારે થાય. આ તો પ્રયત્નરૂપ હોય છે. પણ તે પ્રયત્ન કર્યા વગર સહજ થઈ જતું નથી, પ્રયત્ન કરે તો સહજ થાય છે. અંતર્મુહૂર્તમાં કોઈને થાય તે વાત જુદી, બાકી પ્રયત્ન કરે તો આગળ જાય છે. જે સહજ સ્વરૂપ છે તે હું છું એમ જ્ઞાનમાં લ્યે છે, પછી તે રૂપે ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :—ભાવભાસનમાં જે જ્ઞાયક આવ્યો એમાં કાંઈ ફરક નથી એવી શું અનુભવ પહેલાં ખાતરી થઈ જાય ?

પૂજ્ય બહેનશ્રી :—આ જ્ઞાયકનું સાચું સ્વરૂપ છે અને તે જ મારું સ્વરૂપ છે, એમાં કાંઈ ફરક નથી, એમ નિર્ણય આવે છે. ભલે તે સહજરૂપ—સહજદશા—નથી. પણ વિકલ્પથી તેવો નિર્ણય તેને આવી શકે છે કે આ સાચું જ છે, ખોટું નથી.

પ્રશ્ન :—જ્ઞાનીને જેમ સવિકલ્પ દશામાં જ્ઞાયક તરવરતો હોય એવી રીતે અજ્ઞાનીને જ્ઞાયક તરવરતો હશે ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયક જે રીતે જ્ઞાનીને તરવરતો હોય છે તે રીતે અજ્ઞાનીને તરવરતો નથી. જ્ઞાનીને તો સહજદશાએ જ્ઞાયક તરવરે છે, તેને વિચારવું પડતું નથી કે વિચારીને નિર્ણય કરવો પડતો નથી. કર્તાબુદ્ધિ છૂટીને જ્ઞાયકની જ્ઞાયકધારા સહજરૂપે નિરંતર ક્ષણે ક્ષણે—વિચાર્યા વગર સહજ પરિણતિએ ચાલે છે. જ્ઞાનીની દશા જુદી છે. જેમ અજ્ઞાનીને અનાદિની એકત્વબુદ્ધિ અજ્ઞાનદશામાં કાંઈ વિચાર્યા વગર સહજ ચાલી

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઇન્દ્રિયો વડે,
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩. —શ્રી પ્રવચનસાર

રહી છે તેમ જ્ઞાનીને જ્ઞાનની દશા સહજપણે ચાલી રહી છે. અજ્ઞાનીએ જ્ઞાયકનો જે નિર્ણય કર્યો છે તે સહજરૂપે નથી. ભલે નિર્ણય સાચો કર્યો છે, છતાં તે રૂપે જ્ઞાયકમાં જ્ઞાનધારા ચાલતી નથી, વારે વારે વિચારવું પડે છે, વિચારીને યાદ કરવું પડે છે. એકત્વબુદ્ધિ થઈ રહી છે તેથી તેણે વિચારીને નક્કી કર્યું છે કે આ જ્ઞાયક તે હું, તો પણ સહજ પરિણતિ નથી. અજ્ઞાનીએ નક્કી કર્યું છે કે જ્ઞાન તે હું, જ્ઞાયક તે હું; પણ પરિણતિમાં—તેના કાર્યમાં—એકત્વબુદ્ધિ થઈ રહી છે, માટે વારે વારે વિચાર કરવો પડે છે.

જ્ઞાનીની જેવી સહજદશા અજ્ઞાનીની નથી. જોકે તેણે નિર્ણય કર્યો છે કે આ રહ્યો જ્ઞાયક અને નિર્ણય કર્યો ત્યારે જ્ઞાયક તરવરતો લાગે; પણ વળી પાછું એકત્વબુદ્ધિની પરિણતિને કારણે તેને વારે વારે વિચારવું પડે છે. જેને પ્રયત્ન ચાલતો હોય તેને, સહજદશા નથી, પણ તે નિર્ણય સાચો કરી શકે છે. જિજ્ઞાસુની ભૂમિકામાં સાચો આત્માર્થી હોય તે સાચો નિર્ણય કરી શકે છે. જો સાચો નિર્ણય ન કરી શકે તો તેને સહજ જ્ઞાનદશા આવતી નથી. આ તો જેને જિજ્ઞાસા હોય, આત્માનું પ્રયોજન હોય અને જે પ્રયત્ન કરે તેને જ આ જ્ઞાનદશા સહજપણે આવે છે. તે પહેલાં નિર્ણય કરી શકે છે. જેમ આ સત્પુરુષ જ છે, જ્ઞાની જ છે એવો નિર્ણય પ્રથમ કરી શકે છે. આ ગુરુ છે તે કોઈ અપૂર્વ વાત બતાવી રહ્યા છે એમ આત્માર્થી હોય તે નક્કી કરી શકે છે. તેમ આ જ્ઞાયક છે તે જ હું છું, જે આ દુઃખરૂપ વેદન થઈ રહ્યું છે, જે આકુળતારૂપ વેદન છે તે મારું સ્વરૂપ નથી. પોતાનું સ્વરૂપ પોતાને દુઃખરૂપ હોય જ નહિ એમ નિર્ણય કરી શકે છે.

પ્રશ્ન :—જિજ્ઞાસુની પાસે પ્રગટ તો વિભાવ જ છે ?

પૂજ્ય બહેનશ્રી :—હા, વિભાવ પ્રગટ છે, જ્ઞાયક પ્રગટ નથી. છતાં કોઈ અપેક્ષાએ સ્વભાવ પ્રગટ છે, પણ તે ઓળખતો નથી. જોકે જિજ્ઞાસુ સમજે છે કે આ વિભાવ મારું સ્વરૂપ નથી. આત્માનું શાંત સ્વરૂપ કોઈ જુદું છે. આત્માર્થી હોય તેને એમ જિજ્ઞાસા થાય, એમ વિચાર આવે કે આવું દુઃખમય સ્વરૂપ આત્માનું હોય નહિ, આત્માનું સ્વરૂપ કોઈ જુદું છે એમ વિચાર કરીને નક્કી કરે. ગુરુ આગળથી પ્રથમ સાંભળે કે આત્માનું સ્વરૂપ શું છે ? તો તેને વિચાર કરી નક્કી કરવાનો અવકાશ છે.

**વિષયો વિષે રતિ જેમને, દુખ છે સ્વભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે.　૬૪.　　–શ્રી પ્રવચનસાર**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### સુવર્ણપુરીના વાંચનકારો દ્વારા ધાર્મિક કાર્યક્રમ

(૧) તા. ૨૬-૬-૧૫ થી તા. ૬-૭-૧૫ જલગાંવ (મહારાષ્ટ્ર) ૧૧ દિવસીય શિબિર. પં. શ્રી નીતિનભાઈ શેઠ, વાંકાનેર

(૨) તા. ૨૪-૭-૧૫ થી ૩૧-૭-૧૫ અષ્ટાહ્નિકા (આઠ દિવસ) અલીગઢ (મંગલાયતન) (ઉ.પ્ર.) પં. શ્રી સુભાષભાઈ શેઠ, વાંકાનેર

(૩) તા. ૨૪-૭-૧૫ થી ૨૭-૭-૧૫ અષ્ટાહ્નિકા ઈન્દૌર (મ.પ્ર.) પં. શ્રી રાજુભાઈ કામદાર, રાજકોટ,(ત્રણ દિવસ)

(૪) તા. ૨૪-૭-૧૫ થી તા. ૨૭-૭-૧૫ અષ્ટાહ્નિકા, ખંડવા (મ.પ્ર.) પં. શ્રી નીતિનભાઈ શેઠ, વાંકાનેર(ચાર દિવસ)

તા. ૨૮-૭-૧૫ થી ૩૧-૭-૧૫ અષ્ટાહ્નિકા, ખંડવા (મ.પ્ર.) પં. શ્રી રાજુભાઈ કામદાર, રાજકોટ (ચાર દિવસ)

(૫) તા. ૨૩-૮-૧૫ એક દિવસીય શિબિર કમલમંદિર, સુરેન્દ્રનગર પં. શ્રી નીતિનભાઈ શેઠ, વાંકાનેર

### સુવર્ણપુરીમાં પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૫, શુક્રવારથી તા. ૩૦-૧૨-૧૫, બુધવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રી બિપીનકુમાર રતિલાલ શાહ પરિવાર, ગાંધીનગરના સૌજન્યથી પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ આયોજિત**

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દાદર-મુંબઈના સૌજન્યથી**

# દ્વિતીય 'દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'

(તા. ૧૧-૧૧-૨૦૧૫ થી તા. ૧૫-૧૧-૨૦૧૫)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ગુજરાત-સૌરાષ્ટ્રમાં દિવાળી વેકેશનને ધ્યાનમાં લઈ પાછલા એક વર્ષથી આ પ્રકારની શિબિરનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણીમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૧-૧૧-૨૦૧૫, બુધવારથી તા. ૧૫-૧૧-૨૦૧૫ રવિવાર સુધી દ્વિતીય બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સી.ડી. પ્રવચનોનો તથા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. તેથી સર્વે મુમુક્ષુઓને વિનંતી કે પોતાના બાળકો સાથે આ શિબિરમાં આવશ્ય પધારી લાભ લે.

આ શિબિરનું આયોજન શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દાદર-મુંબઈ તરફથી કરવામાં આવ્યું છે.

લિ.
શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા—પ્રમુખ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના
જય જિનેન્દ્ર

## (૨૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નના ઉત્તર () માંથી જોઈ સાચો જવાબ લખો.

(૫૪૧) પૂજ્ય ગુરુદેવશ્રીને ૐકાર ધ્વનિનો રણકાર સૌથી પહેલાં વિ.સં. ................ માં આવ્યો હતો. (૧૯૭૭, ૧૯૯૧, ૧૯૭૮)

(૫૪૨) પૂજ્ય બહેનશ્રીને વિ.સં. ................... સાલમાં સૌથી પહેલાં જાતિસ્મરણ થયું હતું. (૧૯૯૪, ૧૯૯૩, ૧૯૮૭)

(૫૪૩) પૂજ્ય બહેનશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ પ્રથમવાર .................... શહેરમાં થયો હતો. (વઢવાણ, રાજકોટ, જામનગર)

(૫૪૪) પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ સંબંધી વાત જાહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ વિ.સં. .................. મા કહેલ. (૧૯૯૩, ૧૯૯૪, ૧૯૨૧)

(૫૪૫) જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર .................. શાસ્ત્રમાં આવે છે. (યોગસાર, સમયસાર, પ્રવચનસાર)

(૫૪૬) અલિંગગ્રહણની ગાથા ............... પ્રવચનસારની છે. (૧૭૦, ૭૨, ૧૭૨)

(૫૪૭) પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના ............... શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે. (સવળા, વિપરીત, વૈભાવિક)

(૫૪૮) બે છૂટા પરમાણુઓની સ્વભાવ વ્યંજન પર્યાય ....................... હોય છે. (જુદી-જુદી, સરખી, મિશ્ર)

(૫૪૯) પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્રમાં કુલ ............ અધિકાર છે. (૨૫, ૨૬, ૩૦)

(૫૫૦) આત્માના પાંચ ભાવોમાં ............... ભાવો પર્યાયરૂપ છે. (૨, ૪, ૩)

(૫૫૧) બે સિદ્ધાત્માઓની સ્વભાવ અર્થ પર્યાય ...............હોય છે. (જુદી-જુદી, સરખી, મિશ્ર)

(૫૫૨) ઘાતિકર્મના નાશથી કેવળજ્ઞાન થાય છે એમ માનવું તે ................ છે. (સાચું, યથાર્થ, વિપરીત)

(૫૫૩) સંસાર અથવા મોક્ષ અવસ્થામાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે તેમાં વિષયો ................... છે (મદદરૂપ, અકિંચિત્કર, અવિનાશી)

(૫૫૪) ................ ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ નથી થતું ? (૧૨-૧૩, ૪-૫, ૧૦-૧૧)

(૫૫૫) સંસારી જીવોને સૌથી વધુ ................. ભાવ હોય છે.
(ઔદયિક, ક્ષાયિક, ક્ષયોપશમ)

(૫૫૬) ................. શરીરનો સંબંધ અનાદિથી છે.　　(કાર્મણ, ઔદારિક, વૈક્રિયક)

(૫૫૭) મતિજ્ઞાન ................. જ્ઞાન છે.　　(પ્રત્યક્ષ, પરોક્ષ, એકદેશ પ્રત્યક્ષ)

(૫૫૮) ઋદ્ધિધારી મુનિને નિયમથી .................. જ્ઞાન હોય છે.
(મનઃપર્યય, કેવળ, મતિશ્રુત)

(૫૫૯) વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની તેજ ભવથી .................. જાય છે. (મોક્ષ, સ્વર્ગ, નરક)

(૫૬૦) સંસારમાં સૌથી ઓછા જીવોમાં ................... ભાવ જોવામાં આવે છે.
(ક્ષયોપશમ, ઔપશમ, ક્ષાયિક)

---

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ-૨૦૧૫ના ઉત્તર

(૫૨૧) અનાદિસાંત
(૫૨૨) અનાદિઅનંત
(૫૨૩) સાદિઅનંત
(૫૨૪) અનાદિઅનંત
(૫૨૫) અનાદિસાંત
(૫૨૬) અનાદિઅનંત
(૫૨૭) સાદિ સાંત
(૫૨૮) સાદિસાંત
(૫૨૯) સાદિસાંત
(૫૩૦) સાદિ અનંત
(૫૩૧) અન્યોન્યાભાવ
(૫૩૨) અન્યોન્યાભાવ
(૫૩૩) અત્યંતાભાવ
(૫૩૪) અત્યંતાભાવ
(૫૩૫) અન્યોન્યાભાવ
(૫૩૬) અત્યંતાભાવ
(૫૩૭) અત્યંતાભાવ
(૫૩૮) અન્યોન્યાભાવ
(૫૩૯) છ્હ
(૫૪૦) પુદ્‌ગલ

## (૨૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ દસલક્ષણધર્મ પૂજન વિધાનના અર્ઘમાંથી મળશે.

(૫૪૧) ૐ હ્રીં શ્રી સકલપૂજ્ય સ્થાનક પદનમન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા

(૫૪૨) ૐ હ્રીં શ્રી છેદોપસ્થાપનારૂપ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૩) ૐ હ્રીં શ્રી વિનય ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૪) ૐ હ્રીં શ્રી ત્રસસ્થાવરસમસ્ત જીવ પરિરક્ષણરૂપોતમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૫) ૐ હ્રીં શ્રી સ્વાધ્યાય ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૬) ૐ હ્રીં શ્રી અંતરંગપરિગ્રહત્યાગ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૭) ૐ હ્રીં શ્રી નવધાશીલપાલનોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૮) ૐ હ્રીં શ્રી પુત્રભોગવાંછાવિહિન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૪૯) ૐ હ્રીં શ્રી ગૃહકુટુમ્બમમત્વ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૦) ૐ હ્રીં શ્રી ચતુર્વિધદેવજીવપરિરક્ષણોતમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૧) ૐ હ્રીં શ્રી અકૃત્રિમજિનચૈત્યપદનમન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૨) ૐ હ્રીં શ્રી સકલપરિજનાનુકારિત્વવાંછાવિહિન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૩) ૐ હ્રીં શ્રી બોધિદુર્લભરૂપોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૪) ૐ હ્રીં શ્રી સમસ્તમમત્વ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૫) ૐ હ્રીં શ્રી ................ આદિ ષોડષકારણેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૬) ૐ હ્રીં શ્રી અષ્ટાંગસહિત ................ દોષરહિત સમ્યગ્દર્શનાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૭) ૐ હ્રીં શ્રી ................ સમ્યગ્જ્ઞાનાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૮) ૐ હ્રીં શ્રી ................ સમ્યક્ચારિત્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(૫૫૯) સોઈ લોકાલોક નિહારૈ ..............................
............................... જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ.

(૫૬૦) સમ્યક્દરશન જ્ઞાન વ્રત, ..............................
............................. જુદૈ જલૈ દવ લોય.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ–૨૦૧૫ના ઉત્તર

(૫૨૧) પંચમેરુ નંદીશ્વરદ્વીપ પૂજન વિધાન

(૫૨૨) (૧) ભદ્રશાલ (૨) નંદન, (૩) સોમનસ, (૪) પાંડુક

(૫૨૩) જંબૂવૃક્ષ, શાલ્મલિવૃક્ષ

(૫૨૪) ૮૪ હજાર

(૫૨૫) સ્વર્ણિમ, રત્નમય

(૫૨૬) ૧૬૩ કરોડ

(૫૨૭) ૫૦૦

(૫૨૮) ૪ ૧૬ ૩૨

(૫૨૯) (૧) રુચિક, (૨) રુચિકપ્રભ (૩) હિમવન (૪) સ્વયંસિદ્ધ

(૫૩૦) ચોર્યાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ

(૫૩૧) હસ્તિનાપુર, બલી

(૫૩૨) વ્યુત્સર્ગ

(૫૩૩) જિનચંદ્રઆચાર્ય

(૫૩૪) ચાર લાખ

(૫૩૫) અંધકવૃષ્ટિ

(૫૩૬) નિમિત્ત

(૫૩૭) આદાન નિક્ષેપણ

(૫૩૮) સર્વદર્શીત્વ

(૫૩૯) સર્વજ્ઞત્વ

(૫૪૦) કમલિની પત્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ એક સમયની વર્તમાન હલચલ થતી—પરિણમન થતી પર્યાયની પાછળ પ્રભુ પોતે બિરાજમાન છે પણ પુણ્ય-પાપને આડે તેની પાછળ જે ભગવાન બિરાજી રહ્યો છે તેને તું જોતો નથી. ૧૩૦.

✻ દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નીકટ બિરાજે છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી, તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ ! ૧૩૩.

✻ પહેલાં પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડ્યા સિવાય શી રીતે સમજાવે ? તેથી કહે છે કે, પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે—અદશ્ય કરી દે—ઢાંકી દે—એમ કહેવાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણ લોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે. ૧૩૪.

✻ ત્રણ લોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ-ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે, તેથી ગુણ-ગુણીના ભેદને જાણતો નથી. એમ અલોપ કરીદેને ! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ દેને ભાઈ ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. પણ દ્રવ્ય તે ગુણની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. ૧૩૫.

✻ પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણએ પહેલાં ભેદ આદિના વિકલ્પો હોય છે, પણ પછી પર્યાયને સંક્ષેપી નાખે છે અને ગુણ-ગુણીના ભેદને ટૂંકા કરી નાખે છે. સંક્ષેપી નાખે છે તેનો અર્થ શું !—કે તેના ઉપરનું લક્ષ છોડી દે છે ને અનંતા...અનંતા ગુણોનું જે પી ગયું છે એવું જે દ્રવ્ય છે તેને ધ્યેય બનાવીને કેવળ આત્માને જાણતાં ક્ષણે-ક્ષણે મલિનતા નાશ પામે છે, ને વીતરાગતા પ્રગટે છે. મલિનતાનો ક્ષય થતો જાય છે. કરવો પડે છે એમ નથી કહ્યું—કેમ કે ક્ષણે-ક્ષણે નાશ પામતી જાય છે. ૧૩૬.

✻

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૫
અંક-૧ ✻ વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-09-2015
Posted on 1-09-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org